# જૂના સેક્ટરોમાં વરસાદી પાણીના ભરાવાથી વસાહતીઓ ત્રસ્ત..!!!

## સેક્ટરોના આંતરિક માર્ગો પર વાહન પસાર થાય તો પણ વરસાદી પાણી ઉડીને ઘરમાં આવે છે : વરસાદી પાણીના ભરાવાને કારણે મચ્છરજન્ય બિમારીઓનું જોર વધ્યું : રોડ રીસરફેસીંગમાં બેદરકારી દાખવાઈ હોવાનો પૂર્વ કોર્પોરેટરનો આક્ષેપ

ગાંધીનગર, તા. ૩ આમ જુઓ તો આ વર્ષે શહેરમાં ચોમાસાની સ્થિતિ વરસ્યો છે. આમ છતાં શહેરના જુના સેક્ટરોમાં વરસાદી પાણીના ભરાવાની સમસ્યાએ કારણે રોડ પરથી વાહન પસાર થાય તો પણ વરસાદી દૂષિત પાણી ઉડીને છેક વસાહતીઓના જેવી સ્થિતિ જોવા મળી રહી છે. શહેરના જુના સેક્ટરોમાં રોડ રીસરફેસીંગની કામગીરી ચોમાસુ ત્રાસદાયક બની રહ્યું છે. સેક્ટરોના આંતરિક માર્ગો પર વરસાદી પાણીનો નિકાલ મચ્છર જેવા રોગજન્ય જીવાણુંઓનો ઉપદ્રવ પણ વધી રહ્યો છે. રોડ રીસરફેસીંગના કોર્પોરેટર દ્વારા કરવામાં આવ્યો છે અને આ સમસ્યા અંગે સ્થાનિક રહીશોની સહીઓ સાથે



અત્યંત નબળી રહેવા પામી છે અને શહેરમાં હજુ સુધી માંડ પાંચમા ભાગનો વરસાદ જ શહેરીજનોને ત્રસ્ત કરી મૂક્યાં છે. સે. ૨૪ અને સે. ૨૭માં અનેક ઠેકાણે એવી હાલત છે કે જેના ઘરમાં આવે છે. વળી, આ સાથે માખી-મચ્છરનો ઉપદ્રવ વધી જવાથી ઘરે ઘરે માંદગીના ખાટલા તાજેતરમાં જ પૂર્ણ કરવામાં આવી છે પરંતુ રોડના રીસરફેસીંગના કાર્યને કારણે વસાહતીઓ માટે થતો નથી અને ભરાઈ રહેલા વરસાદી પાણીથી કાદવ-કિચડ જેવી સમસ્યા સાથે માખી- કાર્યમાં કોન્ટ્રાક્ટર દ્વારા બેદરકારી દાખવવામાં આવી હોવાનો આક્ષેપ પૂર્વ સ્થાનિક પાયો વિ.ના વિભાગ-૧ના કાર્યપાલક ઈજનેરને લેખિત રજુઆત કરવામાં આવી છે.

## ખૂણેખાંચરેથી

- પ્રદેશ ભાજપની કારોબારી બેઠકમાં હાજરી આપી આજે બપોર પછી પરત ફરેલા જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપ પટેલ કચેરીમાં આવી કામગીરી સંભાળી લીધી હતી.
- રાજ્યના શહેરી વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવ મુકેશ પુરીએ ૮ મહાનગરોમાં ચાલતા વિકાસ કામોની તેમજ અન્ય કામગીરીની વિડીયો કોન્ફરન્સથી સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર શહેરના આંતરિક માર્ગો પહોળા કર્યા સિવાય રોડ ડિવાઈડર નાખવાની કામગીરી અયોગ્ય હોઈ તે તાત્કાલિક બંધ કરાવવા ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ કલેક્ટરને પત્ર લખ્યો છે.
- ગાંધીનગર જિલ્લામાં ભક્તિનો માહોલ છવાયેલો છે. મંદિરો અને અન્ય ધાર્મિક સ્થાનો પર ભારે ભીડ જોવા મળી રહી છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- શહેરી વિકાસ વિભાગે વધતા જતા શહેરીકરણને પગલે વધતા જતા વાહનોને લઈ પાર્કિંગ માટે અલાયદી નીતિ તૈયાર કરવાની કવાયત હાથ ધરી છે.
- રાજ્યનું આરોગ્ય વિભાગ આજે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના દિવસની ઉજવણી નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાશે.
- જિલ્લા પંચાયતની જાહેર આરોગ્ય સમિતિની બેઠક ૭ મીએ જિલ્લા પંચાયત ખાતે મળશે.
- ગાંધીનગર શહેર ભાજપ દ્વારા વોર્ડ નં. ૧૦ના મહિલા મોરચાના હોદ્દેદારોની નિયુક્તી કરવામાં આવી છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




અરે ભાઈ, ગેસ બોટલ જલ્દી ઘરમાં મુકી દે... તું બહાર વાત કરવા રહીશ ત્યાં ભાવ વધી જશે...!!!

### હવે લોખંડનો ભંગાર પણ સલામત નથી

# સ્વાગત ફલેમિંગો પાસેથી ૬૦૦ કિલો લોખંડના ભંગારની ચોરી

## ફેબ્રીકેશનના વેપારીના નાના-મોટા કટીંગ કરેલા સળીયા હતા, રૂ.૨૪ હજારનો ભંગાર ચોરી થતા ફરીયાદ

ગાંધીનગર,તા.૩ સરગાસણ સ્વાગત ફેલેમીંગો ખાતે તનુ ફેબીકેશન દુકાન નં. ઈ-૪ ની બાજુમાં ખુલ્લી જગ્યામાં લોખંડના નાના મોટા ટુકડાનો ૬૦૦ કિલોનો ભંગાર કોઈ શખ્સ ચોરી કરી લઈ ગયો છે. જેને પગલે દુકાન માલિક યોગેશ ચૌધરીએ રૂ.૨૪ હજારના લોખંડના ભંગારની ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ યોગેશકુમાર લવજીભાઈ ચૌધરી (ઉં.૩૬ રહે, ગામ- કામલપુર, વિસનગર મહેસાણા) પરિવાર સાથે રહે છે અને ન્યુ સરગાસણ ખાતે સ્વાગત ફલેમીંગો દુકાન નં.ઈ-૪ ખાતે છેલ્લા પંદર દિવસથી તનુ ફેબિકેશનની દુકાન ચલાવે છે. આ દુકાનમાં લોખંડના સામાનમાંથી ઓર્ડર મુજબ લોખંડના બારી-બારણા, શેડ, સહિતની ચીજવસ્તુઓ બનાવે છે. આ વસ્તુઓ બનાવતી સમયે કટીંગ થયેલા અને વધેલા નાના-મોટા ટુકડા લોખંડનો ભંગાર દુકાનની બાજુમાં ખુલ્લી જગ્યામાં પડી રહે છે. ગત તા.૧ સપ્ટેમ્બરના રોજ સાંજના આશરે સાત વાગ્યાના સુમારે દુકાનમાં કામ કરતા દશરથભાઈ રાવળ અને નિલેષ પ્રજાપતિ, બળદેવભાઈ રાવળ સહિતના તમામ વ્યકિત દુકાનની બાજુમાં લોખંડનો ભંગાર મુકીને ઘરે ગયા હતા. તા.૨ ના રોજ પરત સવારના સાડા નવ વાગે દુકાને આવી જોયુ તો દુકાનની બાજુમાં ખુલ્લી જગ્યામાંથી લોખંડના સળીયાના ટુકડાનો ભંગાર ૬૦૦ કિલો ગ્રામ કોઈ ચોર શખ્સ ચોરી કરી લઈ ગયો છે. લોખંડના ભંગારની ચોરી અંગે આસપાસના વેપારીઓની પણ પુછપરછ કરતા કોઈ હકીકત જાણવા મળી ન હતી. લોખંડના ભંગારનો બજાર ભાવ એક કિલોના રૂ.૪૦ છે. જેથી ૬૦૦ કિલોના ભંગારની કિં.૨૪ હજાર થાય છે. જેથી વેપારીએ લોખંડના સળીયાનો ભંગાર ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

### પાવન પર્યુષણ બીજો દિવસ

## ક્ષમા એ વીરોનું આભૂષણ છે

**રાષ્ટ્રસંત આચાર્ય ભગવંતશ્રી પદ્મસાગર સુરીશ્વરજી મહારાજ સાહેબ**

કોઈને મારી નાખવા કે કોઈનો માર ખાય લેવો એ શૂરવીરતા અને કાયરતાની નિશાની નથી પાણ સામેના માણસની સાથે દુશ્મનાવટ ખતન કરી શકવી એ શૂરવીરતાની નિશાની છે. થોડું જતું કરીને કે થોડું સહન કરીને પણ સામેના માણસના મનમાંથી દુર્ભાવ દૂર થાય અને



આપણા મનમાંથી પણ નફરત દૂર થાય એ જરૂરી છે. આના માટે કોઈના અપશબ્દોની ભૂલી જઈને ક્ષમા આપવી જોઈએ આવું મહાન કાર્ય સામાન્ય માણસોથી કરી શકતા નથી એટલે જ શાસ્ત્રો કહે છે કે સમયે વીરોનું આભૂષણ છે વીર પુરૂષો ક્ષમા આપે તો શોભી ઉઠે છે કારણ કે તેમનામાં યુદ્ધે ચડીને સામેનાની હરાવવા જેટલુ સામર્થ્ય હોવા છતાં એ દુશ્મનને નહીં પણ દુશ્મનાવટને ખતમ કરવો 'ક્ષમા'નો રાહ અપનાવે છે.

આ ઉપરાંત વાર્ષિક ૧૧ કર્તવ્ય અંગે પણ પ્રવચન કરવામાં આવે છે. આ કર્તવ્ય પ્રત્યેક જૈન શ્રાવકે વર્ષમાં એક વખત અવશ્ય કરવા જોઈએ. આમ સામાન્ય અને સહજતાથી થઈ શકે તેવા નિયમો છે પણ તેનું વર્ષમાં એક વખત પણ પાલન કરવાથી ઘણો જ આત્મલાભ થાય છે આમ તો આપણે ત્યાં અનેક પર્વ ઉજવાય છે પણ પર્યુષણ પર્વની વિશેષતા એ છે કે આ પર્વ ત્યાગથી ઉજવાય છે, તપસ્યાથી ઉજવાય છે. આ પર્વને અનુલક્ષીને જૈનો અઠ્ઠાઈ તપ કરે છે. અઠ્ઠાઈ તપમાં આઠ દિવસના ઉપવાસ કરવામાં આવે છે. આ ઉપવાસ જૈન પરંપરા મુજબના એટલે કે માત્ર દિવસ દરમિયાન ઓકે ઉકાળેલા પાણી પીવાની છૂટ, તે સિવાય આહાર પાણીનો ત્યાગ કરવાનો હોય છે તે જૈન ધર્મની જીવન કથા અને પરમાત્મા મહાવીર અને તેમની પરંરાના સાધુ ભગવન્તોના આશીર્વાદનો ચમત્કાર છે. આથી જ તપ કરનાર પુણ્યવાનને કોઈ શાતા (તબિયતના સમાચાર) પૂછે તો પ્રત્યુતરમાં તે તપસ્વી દેવગુરુ પસાય કહે છે. દેવગુરુ પસાયનો અર્થ પરમાત્મા અને સદગુરુના આશિષથી સારૂ છે એમ થાય છે.

આવી તપસ્યાઓમાં પણ પર્યુષણના નિયમિત વિધિ-વિધાનો તો તે જૈનો અવશ્ય કરે જ છે કારણ કે, તેઓ સમજે છે કે પૂજા, પ્રતિક્રમણ, પ્રવચન, પ્રભુભક્તિ જેવા પરંપરાગત અનુષ્ઠાનો આપણા પ્રાણ છે.

## રવિવારે સે.૧૨માં બલરામ મંદિર ખાતે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર તા.૦૩ ગાંધીનગરમાં છેલ્લાં સાત વર્ષથી ચાલતી પુસ્તક પરબ દર મહિનાના પ્રથમ રવિવારે યોજવામાં આવે છે. સપ્ટેમ્બર માસની પુસ્તક પરબ સેક્ટર-૧૨માં ઉમિયા મંદિર પાસે બલરામ મંદિર ખાતે તા. ૫મી સપ્ટેમ્બર, રવિવારના રોજ સવારે ૭.૩૦થી ૯.૩૦ દરમ્યાન યોજાશે. આ પરબ સોશિયલ ડિસ્ટન્સના નિયમોની પૂર્ણ કાળજી સાથે યોજાશે. મુલાકાતીઓએ માસ્ક પહેરીને આવવાનું રહેશે. પરબ પાસે ઉપલબ્ધ પુસ્તકો - સામયિકો પૈકી મુલાકાતીઓ બે પુસ્તક કે સામયિક વાંચવા લઈ જઈ શકશે.

પુસ્તક પરબ માટે શિષ્ટ સાહિત્યના પુસ્તકો ભેટ સ્વરૂપે સ્વીકારવામાં આવે છે. ધાર્મિક, વિવિધ સંપ્રદાયની પુસ્તિકાઓ, ધાર્મિક સામયિકો પરબ માટે સ્વીકારવામાં આવશે નહીં, જેની નોંધ લેવા ખાસ જણાવાયું છે. સાહિત્યિક સામયિકો, એ પણ છેલ્લા બે - ત્રણ વર્ષના હશે તો સ્વીકારવામાં આવશે. માતૃભાષા અભિયાનના ઉપક્રમે અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી પુસ્તક પરબ ટીમના મિત્રો દ્વારા ગાંધીનગરમાં આ પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે. પુસ્તકપ્રેમી વડીલો, વિદ્યાર્થીઓ, બહેનો, ભાવકોને પુસ્તક પરબનો લાભ લેવા આત્મન સંસ્થા દ્વારા વિનંતી છે.



### કોમ્પ્યુટર એસોસિએશનના સાધારણ સભા યોજાઈ

ગાંધીનગર કોમ્પ્યુટર એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભા હોટલ અન્નપૂર્ણા વિલેજ ખાતે મળી હતી. જેમાં વર્ષ ૨૦૨૧-૨૩ માટે નવી કારોબારીની રચના કરી હતી. જેમાં પ્રમુખ તરીકે વિપુલ દવે, ઉપપ્રમુખ તરીકે વિજય ત્રિવેદી, મંત્રી હરેશ પટેલ, ખજાનચી વિજય પટેલની વરણી કરવામાં આવી હતી. આ પ્રસંગે FITAG માં જનરલ સેક્રેટરી નિમણુંક પામવા બદલ ઉરેન પટેલ, ગૌરાંગ વ્યાસનું સન્માન કરાયું હતું.

# ૭૯ કન્યા શાળામાં ૨૫૯૦ ટેબ્લેટ્સ ઉપલબ્ધ કરાવાશે

## લીનોવાની યુવા અનસ્ટોપેબલ સાથે ભાગીદારી : આ ટેબ્લેટ્સ મેઘશાળા એપથી સજ્જ હશે અને શિક્ષકો માટે મેઘશાળા દ્વારા ઓનલાઈન ડિજિટલ તાલીમ અપાશે

ગાંધીનગર, તા.૩ ટેક્નોલોજી પ્રોડક્ટ્સ અને સોલ્યુશન ક્ષેત્રની અગ્રણી કંપની લીનોવોએ તેના ભાગીદાર એનજીઓ યુવા અનસ્ટોપેબલ સાથે મળીને ટેબ્લેટ આધારિત શિક્ષણ અને ધિરાણની પહેલની જાહેરાત કરી હતી. આ પહેલ અંતર્ગત ગુજરાતની ૭૯ જેટલી સરકારી કન્યાશાળાઓમાં ભારતમાં નિર્મિત ૨૫૯૦ ટેબ્લેટ્સ ઉપલબ્ધ બનાવવાની યોજના છે. આમ શાળાદીઠ ૩૦ ટેબ્લેટ્સ ઉપલબ્ધ બનાવવા દ્વારા ગુજરાતની ૮૨૫૦થી વધુ કન્યાઓનું સશક્તિકરણ કરાશે. આ ટેબ્લેટ્સ મેઘશાળા એપથી સુસજ્જ હશે અને ગુજરાતમાં શિક્ષકો માટે મેઘશાળા દ્વારા ઓનલાઈન ડિજિટલ તાલીમ અપાશે.

આ ટેબ્લેટ્સ લીનોવોના મેક ઈન ઈન્ડિયા પોર્ટફોલિયોનો ભાગ છે જે તાજેતરમાં પોન્ડિચેરી ઉત્પાદન પ્લાન્ટ ખાતે નોટબુક્સ અને થિક્ર બુક્સના ઉત્પાદન માટે વિસ્તારાઈ હતી. આ મેક ઈન ઈન્ડિયા પહેલ સાથે લીનોવો આ પ્લાન્ટના ઓટોમેશન અને ડિજિટાઈજેશનના માધ્યમથી ઉત્પાદન ક્ષમતા વધારીને ૨ મિલિયન સુધી લઈ જવા માગે છે.

લીનોવોનું પ્રસ્તાવિત આઈટી સોલ્યુશન સામગ્રીના ફિલ્ટરિંગમાં પણ મદદરૂપ બનશે. લાયસન્સને પગલે ડીવાઈસને અન્ય વિદ્યાર્થીઓને ઉપલબ્ધ બનાવવામાં સહાય મળવા ઉપરાંત ટ્રેકિંગ અને ડેશબોર્ડ દ્વારા શિક્ષકો ઓનલાઈન વર્ગો લઈ શકવાની સાથે સાથે જ વિદ્યાર્થીઓને કેટલી સમજ પડી તે પણ જાણી શકશે. તેમાં વિવિધ ટેક્નોલોજીટૂલ્સ, ટેકનિક્સ, ઈ-કન્ટેન્ટ સહિતના સંસાધનો છે જે વિદ્યાર્થીઓ અને શિક્ષકો બંને માટે ઉપયોગી બની રહેશે.

લીનોવો ટેબ્લેટ્સમાં રહેલા મલ્ટિમીડિયા ટૂલ્સની મદદથી વિદ્યાર્થીઓને વિવિધ વિષયોમાં તેમનું જ્ઞાન વધારવાનું પ્રોત્સાહન મળશે. લીનોવોની સહાયથી યુવા અનસ્ટોપેબલ ગુજરાતના શિક્ષણ વિભાગની અનુમતિથી સરકારી શાળાઓમાં આ પહેલનો અમલ કરશે.

રિમોર્ટ લર્નિંગ વ્યવસ્થામાં લીનોવો ઓનલાઈન સલામતી, શિક્ષકો તેમના ડિજિટલ ક્લાસરૂમનું સારી રીતે સંચાલન કરી શકે તથા વિદ્યાર્થીઓ તેમનું કાર્ય કરી શકે તે માટેના ઉકેલની જરૂરિયાતને સારી રીતે સમજે છે.

આ કાર્ય માટે સહાયરૂપ બનીને અમે અત્યંત આનંદની લાગણી અનુભવી રહ્યાં છીએ. યુવા અનસ્ટોપેબલની ટીમ જ્યારે ટેબ્લેટ આધારિત શિક્ષણના મોડેલ પર કામ કરી રહી હતી ત્યારે અમારી ટેબ્લેટ ટીમે મિશ્ર શિક્ષણ મોડેલ માટે આવશ્યક શ્રેષ્ઠ સ્પેસિફિકેશન્સ ઉપલબ્ધ બનાવી તેમની સહાય કરી હતી. અમે દ્રઢપણે માનીએ છીએ કે મેક ઈન ઈન્ડિયા અંગે પ્રતિબદ્ધ એવી લીનોવો જેવી પ્રતિષ્ઠિત બ્રાન્ડ જ્યારે યુવા અનસ્ટોપેબલ સાથે તેની સર્વોત્તમ ટેક્નોલોજી ઉપલબ્ધ બનાવવા માટે હાથ મિલાવે ત્યારે વિદ્યાર્થીઓના જીવન પર તેની અસર અત્યંત પ્રભાવકારક બની રહેશે. આમ તે તેના સ્માર્ટર ટેક્નોલોજી ફોર ઓલના વિઝનને યથાર્થ પુરવાર કરે છે તેમ લીનોવો ઈન્ડિયાના સીઈઓ અને એમડી શૈલેન્દ્ર કાટયાલે જણાવ્યું હતું. દેશના દરેક બાળક સુધી ટેબ્લેટની પહોંચ શક્ય બને ત્યાં સુધી અમે અવિરત કાર્યરત રહીશું અને તેમના સપનાને સાકાર કરવામાં સહાય બનીશું તેમ યુવા અનસ્ટોપેબલના ચીફ ઈન્સ્પિરેશન ઓફિસર અમિતાભ શાહે જણાવ્યું હતું.

# ... તું મને ગમતી નથી, તું તારા ઘરે જતી રહે

## લગ્નના ત્રણ વર્ષ બાદ કહેતા પતિ સામે ફરીયાદ

ગાંધીનગર,તા.૩ લગ્નના ત્રણ વર્ષ બાદ તુ મને ગમતી નથી, તુ તારા ઘરે જતી રહે તેવુ કહીને પત્નિને ગડદા-પાટુનો માર મારી શારીરિક-માનસિક ત્રાસ આપતા પતિ સામે સેકટર-૨૧ પોલીસ મથકે પરિણિતાએ ફરીયાદ નોંધાવી છે.

મુળ બનાસકાંઠા જિલ્લાના અને હાલ ગાંધીનગર શહેરના સેકટર-૩૦ ખાતે રહેતી પરિણિતાના લગ્ન ત્રણ વર્ષ અગાઉ સમાજના રીતરીવાજ મુજબ ચેતન માળી સાથે થયા હતા. પરિણિતાના પતિ વિધાનસભા ખાતે નોકરી કરે છે.પરિણિતાના પતિ નોકરી કરતા હોવાથી ગાંધીનગર એકલા રહેતા હતા. જયારે પરિણિતા છેલ્લા ૭ માસથી ગાંધીનગર ખાતે રહેવા માટે આવી છે. જયારે પરિણિતા પહેલા સાસરીમાં બનાસકાંઠાના લુણાવા ગામે રહેતી હતી. જયારે તેણીના પતિ નોકરીમાં રજા મળતા મહિનામાં ત્રણ ચાર વાર વતન આવતા હતા. તે સમયે તેણીને કહેતા કે તુ મને ગમતી નથી, તુ તારા ઘરે જતી રહે તેમ કરીને ગાળાગાળી કરતા હતા.જયારે પરિણિતા આ અંગે પિયરપક્ષના સભ્યો ને કહેતી તો તેઓ કહેતા કે તારા કારણે ભાઈનો પણ સંસાર બગડશે . જેથી થોડુ સહન કરી લે, થોડો સમય જશે એટલે તારા પતિ સુધરી જશે તેમ કહીને સમજાવતા હતા. જયારે પરિણિતા પિયર માતા-પિતા સાથે ફોન કરીને વાત કરતી હોય તો તે સમયે તેના પતિ વાત કરવાની નહી કરીને ઝઘડો કરતા હતા. અને તુ ગમતી નથી એટલે ગાંધીનગર એકલો રહુ છું તેમ કહેતા હતા. જયારે તાજેતરમાં પતિનો મિત્ર ઘરે આવ્યો હતો અને રોકાયો હતો. જેને પગલે તેણીએ મિત્રોને ઘરે લાવવા માટે ના કહેતા પતિ ચેતન નરસિંહભાઈ માળી ઉશ્કેરાઈ જઈને મિત્રો આવશે. તને ફાવે તો રહે નહીતર પિયર જતી રહે કહીને મારામારી કરીને ગડદાપાટુનો માર મારી શારીરીક માનસિક ત્રાસ આપતા પરિણિતાએ પતિ ચેતન માળી સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# ગુજરાતમાં ૨૪ કલાકમાં કોરોનાના ૧૬ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૩ ગુજરાતમાં કોરોનાનો આંકડો ૧૦ સુધી પહોંચ્યા બાદ ફરી એકવાર તેમાં ઉછાળો આવ્યો છે. રાજ્યમાં જો કે કોરોનાનો રિકવરી રેટ ઝડપથી સુધી રહ્યો છે. રાજ્યમાં કોવિડ ૧૯ ના ૧૬ કેસ આજે નોંધાયા છે. આ ઉપરાંત ૧૭ દર્દીઓ સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૫,૨૩૦ નાગરીકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાથી સાજા થવાના દરમાં ૯૮.૭૬ ટકાએ પહોંચ્યો છે.

જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં ૧૪૯ કુલ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૫ નાગરિકો વેન્ટીલેટર પર છે. ૧૪૪ નાગરિકો ડીસ્ચાર્જ થઈ ચુક્યા છે. ૧૦૦૮૨ નાગરિકોનાં અત્યાર સુધી કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આજે કોરોનાને કારણે ભાવનગરમાં ૧ નાગરિકનું મોત થયું છે. સૌથી મહત્વનું છે કે, રાજ્યનો રિકવરી રેટમાં ઝડપથી સુધારો થઈ રહ્યો છે.

રસીકરણના મોરચે સરકાર મજબુતીથી લડી રહી છે. જો રસીકરણની વાત કરીએ તો હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૨૪ વર્કરને રસીને પ્રથમ ડોઝ તો ૪૮૫૩ વર્કર્સને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૪૫ વર્ષથી વધારેની ઉંમરના ૮૯૬૩૧ને રસીનો પ્રથમ ડોઝ અને ૬૦૨૧૯ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૮-૪૫ વર્ષનાં ૨૬૨૭૮૧ નાગરિકોને રસીનો પ્રથમ ડોઝ અને ૧૦૮૩૧૦ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાયો હતો. આ પ્રકારે ૫,૨૮,૮૧૮ કુલ રસીના ડોઝ એક જ દિવસમાં અપાયા હતા. અત્યારસુધીમાં રસીના કુલ ૪,૮૨,૬૮,૫૧૪ લોકોને રસીના ડોઝ અપાઈ ચુક્યા છે.